بسم اللہ الرحمن الرحیم　　نحمدہ و نصلی علی رسولہ الکریم　　و علی عبدہ المسیح الموعود
لا الٰہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصار اللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

حوالہ/Ref ________________　　　　تاریخ/Date ________________

# હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું આદર્શ જીવન: સંતોષ, સાદગી અને નમ્રતા.

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

***સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.***
***તા. 16 ઓક્ટોબર 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, તસ્મિયા અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝૂર અનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝે સૂરઃ સ્વાદની આયતનો અનુવાદ રજૂ કરતાં ફરમાવ્યું કે: તું કહી દે કે આ તબ્લીગના બદલામાં હું તમારી પાસેથી કોઈ બદલો માગતો નથી અને ન તો હું બનાવટભરી વાતો કરવાની આદત ધરાવું છું.

આ આયતમાં અલ્લાહ તઆલા હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ દ્વારા જાહેરાત કરાવી રહ્યા છે કે લોકોને કહી દો કે હું તમને ખુદા તઆલાનો જે સંદેશ પહોંચાડી રહ્યો છું અને ભલાઈના માર્ગો બતાવી રહ્યો છું, તે માત્ર તમારી દુનિયા અને આખિરતને સુધારવા તથા તમારા લાભ માટે છે. આ કાર્યના બદલામાં મારે તમારી પાસેથી કંઈ જ જોઈતું નથી અને ન તો તેની કોઈ જરૂર છે. મને તો તેનો બદલો તમામ ખજાનાઓના માલિક પાસેથી મળી રહ્યો છે.

હુઝૂર ફરમાવે છે કે આપ (સ.અ.વ.)નું જીવન આ પ્રકારના દેખાડા અને બનાવટથી સંપૂર્ણપણે મુક્ત હતું. જ્યારે જીવન દેખાડા અને બનાવટથી મુક્ત હોય છે, ત્યારે દુન્યવી ઇચ્છાઓ પણ રહેતી નથી અને જરૂરિયાતની વસ્તુઓ અલ્લાહ તઆલા પોતે જ ઉપલબ્ધ કરાવી દે છે. મોમિનોને પણ આ નસીહત કરવામાં આવી છે કે પોતાના જીવનને સાદું રાખો અને દેખાડા તથા બિનજરૂરી તકલ્લુફોથી મુક્ત કરો. હઝરત ઉસ્માન બિન અફ્ફાન (રઝિ) એ વર્ણન કર્યું છે કે નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું: આદમના પુત્ર માટે આ બાબતો સિવાય બીજું કંઈ અનિવાર્ય નથી: એક ઘર, જેમાં તે રહે; એટલાં કપડાં, જે તેના શરીરને ઢાંકી શકે; અને સૂકી રોટલી તથા પાણી. હકીકતમાં આપ (સ.અ.વ.) પોતાના જીવનની સ્થિતિ અને રીતનું વર્ણન કરી રહ્યા છે કે મને કોઈ દેખાડા કે બિનજરૂરી ઠાઠમાઠની જરૂર નથી. આ જ કારણ છે કે આપ (સ.અ.વ.) આ દુઆ કરતા હતા. હઝરત અબૂ સઈદ ખુદરી (રઝિ)એ વર્ણન

કર્યું છે કે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું: મિસ્કીનોને પ્રેમ કરો. અને તેઓ પોતે કહે છે કે મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.)ને પોતાની દુઆમાં આ કહેતા સાંભળ્યા: હે અલ્લાહ! મને મિસ્કીન તરીકે જીવિત રાખજે, મિસ્કીન તરીકે જ મૃત્યુ આપજે અને મિસ્કીનોના સમૂહમાં મારો હશ્ર કરજે.

હઝરત અબૂ અમામા (રઝિ) વર્ણન કરે છે કે સહાબાઓએ આપ (સ.અ.વ.)ની સમક્ષ દુનિયાનો ઉલ્લેખ કર્યો, ત્યારે આપે બે વખત સંબોધીને તેમનું ધ્યાન દોર્યું અને ફરમાવ્યું: શું તમે સાંભળતા નથી? નિઃશંક સાદગી ઈમાનનો એક ભાગ છે. નિઃશંક સાદગી ઈમાનનો એક ભાગ છે. હઝરત ઇમરાન બિન હુસૈન (રઝિ) વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું: નિઃશંક અલ્લાહ પોતાના એવા બંદા સાથે પ્રેમ કરે છે, જે મોમિન હોય, ગરીબ હોય, લોકો પાસે માગવાથી બચતો હોય અને પોતાના પરિવારની જવાબદારી નિભાવતો હોય. ગરીબ હોવા જોઈએ. માગવાથી માણસ ત્યારે જ બચી શકે છે, જ્યારે તેની અંદર સાદગી અને સંતોષની ભાવના હોય. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રઝિ) વર્ણન કરે છે કે ગરીબ મુહાજિર સહાબીઓએ રસૂલુલ્લાહ (સ.અ.વ.) સમક્ષ ધનવાન લોકોની શ્રેષ્ઠતા અંગે ફરિયાદ કરી, ત્યારે આપે ખુશખબર આપી કે ગરીબ મોમિનો પોતાના ધનવાન લોકો કરતાં અડધો દિવસ એટલે કે પાંચસો વર્ષ પહેલાં જન્નતમાં દાખલ થશે. રાવી મૂસાએ આ આયત પઢી કે, અને નિઃશંક તારા રબ પાસે એક એવો દિવસ પણ છે, જે તમારી ગણતરી પ્રમાણે એક હજાર વર્ષનો છે. એટલે કે અહીં અડધા દિવસથી મુરાદ પાંચસો વર્ષ છે.

હુઝૂર ફરમાવે છે કે આનો અર્થ એવો નથી કે માણસ હાથ પર હાથ રાખીને બેસી રહે અને કામ ન કરે. પરંતુ સંપૂર્ણ ધ્યાન અને મહેનતથી કામ કરવું, સાદું જીવન જીવવું, સંતોષ રાખવો અને અલ્લાહનો આભાર માનવો એ મોમિનની વિશેષતા છે, જે તેના ઈમાનમાં વધારો કરે છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રઝિ)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ મારા ખભા પર હાથ રાખીને ફરમાવ્યું: તું દુનિયામાં એવી રીતે જીવન વિતાવ, જાણે કે તું પરદેશી છે અથવા રસ્તે ચાલતો મુસાફર છે. હઝરત ઈબ્ને ઉમર (રઝિ) કહેતા હતા કે જ્યારે સાંજ થાય ત્યારે સવારની રાહ ન જો અને જ્યારે સવાર થાય ત્યારે સાંજની રાહ ન જો. પોતાની તંદુરસ્તીમાંથી બીમારી માટે અને પોતાના જીવનમાંથી મૃત્યુ માટે કંઈક તૈયારી કરી લે.

હઝરત ઉમર (રઝિ)થી રિવાયત છે કે તેમણે મિમ્બર પર ઊભા રહીને ફરમાવ્યું કે મેં નબી (સ.અ.વ.) ને આ કહેતા સાંભળ્યા છે: મારી પ્રશંસા કરવામાં એવી અતિશયોક્તિ ન કરો, જેવી નસારાઓએ મરયમના પુત્રની પ્રશંસા કરવામાં કરી હતી. હું તો માત્ર અલ્લાહનો બંદો છું. તેથી તમે મને અલ્લાહનો બંદો અને તેનો રસૂલ જ કહો. મુતર્રિફ પોતાના પિતા પાસેથી વર્ણન કર્યું છે કે અમે બનૂ આમિરના પ્રતિનિધિમંડળમાં આપ (સ.અ.વ.)ને કહ્યું કે આપ અમારા સરદાર છો. ત્યારે આપે ફરમાવ્યું કે સરદાર તો અલ્લાહ છે. ત્યારબાદ તેમણે કહ્યું કે આપ ગુણોમાં સૌથી શ્રેષ્ઠ અને ઉપકાર કરવામાં સૌથી મહાન છો. ત્યારે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે પોતાની વાત રજૂ કરો અને આ પ્રકારની બિનજરૂરી પ્રશંસા ન કરો, નહીંતર શૈતાન તમને હિંમતવાન બનાવી દેશે. હઝરત રબીઅ બિન્તે મઉવ્વિઝ (રઝિ) વર્ણન કરે છે કે તેમના લગ્ન પ્રસંગે કેટલીક છોકરીઓ દફ વગાડીને જંગે બદ્રના શહીદોની પ્રશંસા કરી રહી હતી. તેમાંથી એક છોકરીએ કહ્યું કે આપણી વચ્ચે એવા નબી છે, જે જાણે છે કે આવતીકાલે શું થશે. ત્યારે (સ.અ.વ.)એ ફરમાવ્યું કે તેને છોડી દો અને જે ગીત તે પહેલાં ગાઈ રહી હતી તે જ ગાવા દો. આમ, જ્યાં બિનજરૂરી પ્રશંસા અને શિર્કની વાત આવી, ત્યાં આપ (સ.અ.વ.) એ તરત જ ટોકીને સુધારો કર્યો.

હુઝૂર ફરમાવે છે કે આપ (સ.અ.વ.)ના રહેઠાણ અને ઘરની સાદગી વિશે આ રીતે ઉલ્લેખ મળે છે કે હિજરત પછી મસ્જિદે નબવીની બાજુમાં આશરે દસથી પંદર ફૂટનો એક નાનો ઓરડો બનાવવામાં આવ્યો હતો, જેનો દરવાજો મસ્જિદમાં ખૂલતો હતો અને ત્યાંથી જ આપ (સ.અ.વ.) નમાઝ માટે પધારતા હતા. હઝરત મિર્ઝા બશીર અહમદ સાહેબે 'સીરત ખાતમુન્નબિય્યીન' નામના પુસ્તકમાં લખ્યું છે અને ઇતિહાસમાં તેની વિગત પણ મળે છે કે હઝરત હારિસા બિન નુમાન (રઝિ)ના મસ્જિદની આસપાસ ઘણાં મકાનો હતાં. જ્યારે પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના નિકાહમાં નવી પત્ની આવતી, ત્યારે હારિસા પોતાનું એક મકાન આપી દેતા. આ રીતે હારિસાનાં બધાં મકાનો રસૂલુલ્લાહ (સ.અ.વ.)ને મળી ગયાં. કુલ નવ મકાનો હતાં, જેમાં આપ (સ.અ.વ.) એ પોતાના જીવનનાં છેલ્લાં દસ વર્ષ વિતાવ્યાં અને હઝરત આયશા (રઝિ)ના ઘરમાં આપને દફનાવવામાં આવ્યા. આ મકાનો કાચી ઈંટો, ગારામાટી અને ખજૂરીની ડાળીઓથી બનાવવામાં આવ્યાં હતાં. તેમની ઉપર વાળમાંથી બનેલા ધાબળા નાખવામાં આવ્યા હતા, જેથી અંદરની ગોપનીયતા જળવાઈ રહે. દરેક ઓરડાની લંબાઈ આશરે પાંચ મીટર અને પહોળાઈ ચાર મીટર હતી. આંગણાની પહોળાઈ આશરે સાડા ત્રણ મીટર હતી અને છત એટલી નીચી હતી કે હાથ ઊંચો કરીને તેને સ્પર્શી શકાતી હતી. અતા વર્ણન કરે છે કે સઈદ બિન મુસય્યબે હુજરાઓ તોડી પાડવામાં આવ્યા તે દિવસે કહ્યું કે અલ્લાહની કસમ! મારી ઇચ્છા હતી કે આ હુજરાઓને તેમની મૂળ સ્થિતિમાં જ રહેવા દેવામાં આવ્યા હોત, જેથી લોકો જોઈ શકત કે આપ (સ.અ.વ.)એ કેટલી ઓછી વસ્તુઓ પર સંતોષ માન્યો હતો. હઝરત અબૂ અમામા (રઝિ) એ પણ કહ્યું કે કાશ! આ હુજરાઓને એમ જ રહેવા દેવામાં આવ્યા હોત, જેથી લોકો મકાનો બનાવવામાં ઓછો ખર્ચ કરતા.

હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામ ફરમાવે છે: વિચાર કરવો જોઈએ કે હજારો જોખમો ઊભા થવા છતાં આપ (સ.અવ.) કયા અડગ નિશ્ચય સાથે પોતાના નબી હોવાના દાવા પર શરૂઆતથી લઈને અંતિમ શ્વાસ સુધી અડગ અને કાયમ રહ્યા. વર્ષો સુધી આપને એવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો અને એવી તકલીફો સહન કરવી પડી, જે સફળતાની આશાથી સંપૂર્ણપણે નિરાશ કરી દેતી હતી અને દિવસે દિવસે વધતી જતી હતી. આ મુશ્કેલીઓ સહન કરવાથી કોઈ દુન્યવી હેતુ સિદ્ધ થઈ શકે એવી કલ્પના પણ થઈ શકતી નહોતી. ત્યારબાદ લાંબા સમય પછી જ્યારે ઇસ્લામને વિજય પ્રાપ્ત થયો, ત્યારે સમૃદ્ધિ અને સફળતાના એ દિવસોમાં પણ આપે કોઈ ખજાનો એકઠો કર્યો નહીં કે કોઈ ભવ્ય ઇમારત બનાવી નહીં. પરંતુ જે કંઈ પણ આવ્યું, તે બધું અનાથો, ગરીબો, વિધવા સ્ત્રીઓ અને દેવાદારોની સંભાળ રાખવામાં ખર્ચ થતું રહ્યું. આપે ક્યારેય એક વખત પણ પેટ ભરીને ભોજન કર્યું નહીં.

હઝરત આયશા (રઝિ)ના ઘરે આપ (સ.અવ.)નો પલંગ ચામડાનો હતો, જેમાં ખજૂરીનાં રેસા ભરેલાં હતાં. હઝરત હફસા (રઝિ)ના ઘરે ઊનનો એક ધાબળો હતો, જેને તેઓ બેવડાવીને પાથરતાં હતાં. એક રાત્રે તેમણે તેને ચાર પડનો બનાવી દીધો. ત્યારે સવારે આપ (સ.અવ.)એ ફરમાવ્યું કે તેને પહેલાં જેવો જ રહેવા દો, કારણ કે તેની નરમાશ રાત્રે નમાઝ પઢવામાં મારા માટે અડચણરૂપ બની રહી હતી. અહીં નરમાશથી મુરાદ ઊંઘ નહીં, પરંતુ પથારી પર ઊભા રહીને નમાઝ પઢતી વખતે સંતુલન જાળવવામાં અને ઇબાદતના આનંદમાં આવતી અડચણ હતી. હઝરત આયશા (રઝિ) વર્ણન કરે છે કે ઘરોમાં દીવા નહોતા. જ્યારે આપ (સ.અવ.) સજદો કરતા, ત્યારે મને હાથથી સ્પર્શ કરતા અને હું મારા પગ સંકેલી લેતી. જ્યારે આપ ઊભા થતા, ત્યારે હું પગ ફેલાવી દેતી. હઝરત

અબ્દુલ્લાહ બિન મસઉદ (રઝિ) એ વર્ણન કર્યું છે કે આપ (સ.અવ.) એક ચટાઈ પર સૂતા હતા, જેના કારણે આપની બાજુ પર નિશાન પડી ગયું હતું. હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ (રઝિ) રડી પડ્યા અને કહેવા લાગ્યા કે કિસરા અને કૈસર રેશમ તથા કિંમતી વસ્ત્રો પર ચાલે છે. ત્યારે આપ (સ.અવ.) એ ફરમાવ્યું: શું તમે એ વાતથી ખુશ નથી કે તેમના માટે દુનિયા હોય અને આપણા માટે આખિરત?, મારી અને દુનિયાની મિસાલ એવા મુસાફર જેવી છે, જે ઝાડની છાયામાં થોડી વાર આરામ કરે છે અને પછી ત્યાંથી આગળ નીકળી જાય છે. હઝરત ઉમર (રઝિ) એ એક વખત ઉપરના ઓરડામાં આપ (સ.અવ.)ને એક સાદડી પર સૂતેલા જોયા. સાદડીના નિશાન આપની બાજુ પર પડી ગયા હતા અને માથા નીચે ખજૂરીની છાલનું ઓશીકું હતું. આ દૃશ્ય જોઈને હઝરત ઉમર (રઝિ) રડી પડ્યા. ત્યારે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે એ જ વાત ફરમાવી કે શું તમે એ વાતથી ખુશ નથી કે તેમના માટે દુનિયા હોય અને આપણા માટે આખિરત?. હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામે પણ આ ઘટનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમે ફરમાવ્યું હતું કે: મારી મિસાલ તો એવા મુસાફર જેવી છે, જે ઊંટ પર સવાર થઈને ગરમીમાં એક ઝાડની છાયામાં થોડો સમય આરામ કરે છે અને પરસેવો સુકાઈ જતાં જ ફરી આગળ નીકળી જાય છે.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝિ)એ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સીરત વિશે જે લખ્યું છે, તેનો સારાંશ આ પ્રમાણે છે: આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ માલ-મિલકતની વહેંચણીમાં એટલી હદે સાવધાની રાખતા હતા કે હઝરત ફાતિમા (રઝિ) અને હઝરત અલી (રઝિ) નો હક હોવા છતાં આપે તેમને એક સેવક પણ આપ્યો નહીં, જેથી ભવિષ્યમાં આવનારા બાદશાહો લોકોના માલને પોતાના માટે યોગ્ય ન સમજી બેસે. હઝરત અલી (રઝિ)ના વર્ણન મુજબ હઝરત ફાતિમા (રઝિ)ના દહેજમાં માત્ર એક રેશમી ચાદર, ખજૂરીનાં રેસાં ભરેલું ચામડાનું ઓશીકું, લોટ દળવાની બે ઘંટીઓ, એક મશક અને બે ઘડા હતાં. હઝરત આયશા અને હઝરત ઉમ્મે સલમા (રઝિ) એ માટીથી ઓરડાની લીંપણ કરી, ખજૂરીની છાલનાં બે ઓશીકાં બનાવ્યાં અને ખજૂર, અંજીર તથા મીઠું પાણી પીરસ્યું. તેમણે કહ્યું કે અમે હઝરત ફાતિમા (રઝિ)ના લગ્ન કરતાં વધુ સુંદર અને સાદાં લગ્ન બીજાં કોઈનાં જોયાં નથી.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝિ) ફરમાવે છે કે આપ (સ.અ.વ.) જીવનના અંતિમ સમયમાં એક બાદશાહ હતા, પરંતુ દુનિયાનો કોઈ લાભ પ્રાપ્ત કર્યો નહીં. ન તો પોતાની માલિકી તરીકે કોઈ મિલકતો રાખી અને ન તો કોઈ મિલકત વારસામાં આપી. આપના વિસાલ સમયે પણ ઘરની જરૂરિયાતો પૂરી કરવા માટે આપની કેટલીક વસ્તુઓ ગીરવે રાખવામાં આવી હતી. જ્યારે માલે ગનીમતમાંથી હઝરત ફાતિમા (રઝિ) એ એક લૌંડીની માગણી કરી, ત્યારે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે આ માલ તો અલ્લાહનો છે. તમે અલ્લાહનો ઝિક્ર કર્યા કરો અને લૌંડી મેળવવાનો વિચાર છોડી દો. અસ્વદ વર્ણન કરે છે કે હઝરત આયશા (રઝિ) એ જણાવ્યું કે આપ (સ.અ.વ.) ઘરના કામકાજમાં મદદ કરતા હતા અને જ્યારે નમાઝનો સમય થતો, ત્યારે નમાઝ માટે પધારતા હતા. હઝરત હસના બિન ખાલિદ અને હઝરત સવ્વાદ બિન ખાલિદ (રઝિ) એ આપ (સ.અ.વ.)ને દીવાલની મરામત કરતા જોયા, ત્યારે તેમણે પણ આપની સાથે કામમાં મદદ કરી. હઝરત આયશા (રઝિ) વર્ણન કરે છે કે આપ (સ.અ.વ.) પણ બીજા માણસોની જેમ એક માણસ હતા. આપ પોતાનાં કપડાં જાતે સાફ કરતા, બકરીનું દૂધ દોહતા અને પોતાનાં કામ જાતે કરતા હતા. કાફિરો કહેતા હતા કે આ કેવા રસૂલ છે, જે ખોરાક ખાય છે અને બજારોમાં ચાલતા-ફરતા

રહે છે? પરંતુ આપ (સ.અ.વ.)એ નમ્રતા અને વિનયનો માર્ગ અપનાવ્યો તથા અભિમાનથી બચવાની પ્રાયોગિક શિક્ષા આપી. હઝરત અબૂ હુરૈરા (રઝિ) થી રિવાયત છે કે આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું: અલ્લાહે એવો કોઈ નબી મોકલ્યો નથી, જેણે બકરીઓ ચરાવી ન હોય. મેં પણ મક્કાના લોકોની બકરીઓ થોડા કિરાતના બદલામાં ચરાવી હતી. સૂરાહ કસસની આયતો ૨૮ અને ૨૯માં હઝરત મૂસા (અ) એ પણ મહેનતાણાના બદલામાં કામ કર્યું હોવાનો ઉલ્લેખ મળે છે. શારહિન અને સૈયદ ઝૈનુલ આબિદીન વલીઉલ્લાહ શાહ સાહેબે સ્પષ્ટતા કરી છે કે 'કરારિત' એ 'કિરાત'નું બહુવચન છે. કિરાત ચાંદીના ચાર રત્તી જેટલા વજનના દિરહમનો એક ભાગ હતો. એટલે કે આ મહેનતાણું હતું, કોઈ સ્થળનું નામ નહોતું. અલ્લામા બુરહાનુદ્દીન હલબી સાહેબે પણ આ જ વાત લખી છે. હઝરત મસીહ મૌઉદ (અ) ફરમાવે છે કે આપ (સ.અ.વ.) એ પોતાના જીવનની શરૂઆતનાં વર્ષો અનાથપણાની સ્થિતિ અને અસહાય અવસ્થામાં વિતાવ્યાં હતાં. આપે બકરીઓ પણ ચરાવી હતી. અંબિયાની સાથે ગરીબીનો સંબંધ એટલા માટે રાખવામાં આવ્યો હતો, જેથી તેમનામાં અભિમાન પેદા ન થાય.

એક વખત જંગલમાંથી પસાર થતાં આપ (સ.અ.વ.)એ સહાબાઓને એક વૃક્ષનું મીઠું ફળ ખાવા કહ્યું અને જણાવ્યું કે જ્યારે હું બકરીઓ ચરાવતો હતો, ત્યારે આ ફળ ખાધા કરતો હતો. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝિ) ફરમાવે છે કે રોમ અને ઈરાનની સરકારો સાથે પત્રવ્યવહાર થતો હતો અને તેમના રાજદૂતો પણ આવતા હતા. તેમ છતાં આપ (સ.અ.વ.) એ ગુલામોનો કોઈ સમૂહ કે નોકરો રાખ્યા નહીં, પરંતુ ઘરના કામકાજ જાતે કરતા રહ્યા. દુનિયામાં બાદશાહ હોવા છતાં ફકીરી અને સાદગીનું જીવન અપનાવવું, લાખો રૂપિયા લોકોમાં વહેંચી દેવા અને તેમ છતાં ઘરના કામ જાતે કરવા — આ વિશેષતા માત્ર હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અને આપના ખાદિમોના જીવનમાં જોવા મળે છે.

ખુત્બાના અંતમાં હુઝૂર અનવર અય્યદહુલ્લાહુ તઆલા બિનસરિહિલ અઝીઝે મઝલૂમ અહમદીઓ માટે દુઆ કરવાની તહરીક ફરમાવી. જણાવ્યું કે સ્વાર્થપ્રેરિત તત્ત્વો અને આતંકવાદી તત્ત્વો અહમદીઓ પર અત્યાચાર કરી રહ્યા છે. સરકારી અધિકારીઓ પણ તેમને સમર્થન આપી રહ્યા છે અને સ્થાનિક મૌલવીઓના ભયને કારણે જામીન આપતા નથી. તેવી જ રીતે મલેશિયામાં પણ જમાઅત વિરુદ્ધ પરિસ્થિતિઓ ખરાબ છે અને મસ્જિદો પર દરોડા પાડવામાં આવે છે. અલ્લાહ તઆલા મલેશિયાના અહમદીઓને પણ પોતાની હિફાઝત અને અમાનમાં રાખે.

******

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَ نَسْتَعِیْنُہٗ وَ نَسْتَغْفِرُہٗ وَ نُؤْمِنُ بِہٖ وَ نَتَوَکَّلُ عَلَیْہِ وَ نَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنْ
یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَ نَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَ رَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ یَأْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآءِ ذِی الْقُرْبٰی
وَ یَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْکَرِ وَ الْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَ ادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَ لَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔